# પંચાયતોમાં યુવાઓએ મેદાન માર્યુ

**૨૩ થી ૫૦ વર્ષના વયજૂથના ૧૩૩ સરપંચો વિજયી થયા : ૨૩ વર્ષના સરપંચ શાહપુર અને અમરાજીના મુવાડામાં વિજયી થયા : જિલ્લામાં ૧૦૧ મહિલા સરપંચ બની : ૯૦ મહિલા પ્રથમવાર સરપંચ બની ગામનું નેતૃત્વ કરશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ પંચાયતોની ચૂંટણીમાં યુવાઓ અને નવા ચહેરાઓએ મેદાન માર્યુ છે.

ચૂંટણી વિશ્લેષકો દ્વારા થયેલા રસપ્રદ વિશ્લેષણમાં ઘણી બધી હકીકતો બહાર આવવા પામી છે. જિલ્લામાં યોજાયેલ ૧૭૯ પંચાયતોમાં ૨૩ થી ૩૦ વર્ષની વયના ૧૬ સરપંચો વિજેતા બન્યા છે. ૨૩ વર્ષની નાની વયના સરપંચોમાં ગાંધીનગરના શાહપુરમાં અર્પિતકુમાર એચ. પટેલ અને દહેગામના અમરાજી મુવાડા ગામે વિદ્યાબા ચૌહાણ વિજયી થયા છે.

૩૧ થી ૪૦ની વયજૂથના ૪૬, ૪૧ થી ૫૦ની વયજૂથના ૭૧ તેમજ ૫૧ થી ૬૦ની વયજૂથના ૨૯, ૬૧ થી ૭૦ વર્ષની વયજૂથના ૧૪ અને ૭૦ થી ૭૫ વર્ષના ૩ સરપંચો વિજયી થયા છે.

જિલ્લામાં સરપંચ તરીકે ૧૦૧ મહિલાઓ ચૂંટાઈ આવી છે. જેમાં ૩૬ મહિલા ૨૩ થી ૪૦ વયજૂથની છે. ૪૧ થી ૫૦ની વયજૂથની ૪૧, ૫૧ થી ૬૦ વયજૂથની ૮, ૬૦ થી ૭૦ના વયજૂથની ૨ મહિલા સરપંચો બની છે.

૨૩ થી ૫૦ વર્ષના ૧૩૩ સરપંચો વિજયી થયા છે. ૭૫ વર્ષની આયુ ધરાવતા ૩ સરપંચો વિજયી થયા છે.

૧૧ મહિલા સરપંચો એકથી વધુ વખત સરપંચનો જંગ જીતી ચુકી છે. જયારે ૯૦ મહિલા સરપંચો પ્રથમવાર આ જંગમાં વિજયી બની છે.

જિલ્લામાં બે મહિલા પંચાયતો સમરસ થઈ છે. જિલ્લામાં નવા વિજેતા બનેલા સરપંચો હવે તેમના હોદ્દાના વિધિવત્ ચાર્જ સંભાળશે.

## ભૂપેન્દ્ર પટેલે સ્વપ્નેય વિચાર્યું ન હતું અને આજે શાસનના ૧૦૦ દિવસ પૂર્ણ

**ત્રણ થી વધુ મહિનાના શાસનમાં ભાજપના સાતમા મુખ્યમંત્રીએ ૧૦૦થી વધુ લોકોપયોગી નિર્ણયો લીધા**

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના શાસનના ૧૦૦ દિવસ પૂર્ણ કર્યા છે. તેઓ ભાજપના સાતમા મુખ્યમંત્રી છે. તેમની અગાઉ કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, નરેન્દ્ર મોદી, આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીએ ગુજરાતનું શાસન કર્યું છે જે પૈકી માત્ર બે જ મુખ્યમંત્રી મોદી અને વિજય રૂપાણીએ શાસનના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. મોદીએ તો ગુજરાતમાં ૧૨ વર્ષ સુધી શાસન કર્યું છે.



વિજય રૂપાણીના રાજીનામા પછી ૧૨મી સપ્ટેમ્બર ૨૦૨૧માં ધારાસભ્યોની બેઠકમાં ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત કરવામાં આવી હતી. ૫૯ વર્ષના મુખ્યમંત્રીએ તેમના શાસનના ૧૦૦ દિવસમાં ૧૦૬ એવા નિર્ણયો લીધા છે કે જે પ્રજાપયોગી સાબિત થયાં છે. આ સરકારની સૌથી મોટી ઉપલબ્ધી એ છે કે કેબિનેટના તમામ સભ્યો અને તેમના ઓફિસનો સંપૂર્ણ સ્ટાફ નવો છે.

ગુજરાતમાં નવેમ્બર-ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ ચૂંટણી લડાશે તે નક્કી છે. આ ૧૦૦ વર્ષના શાસનમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. તેમના નેતૃત્વમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ પૂર્ણ થઈ છે. રાજ્યમાં વાવાઝોડું આવ્યું ત્યારે તેમણે શાસનધુરા સંભાળી હતી. વિનમ્ર સ્વભાવના ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાંથી મુખ્યમંત્રી બનનારા પહેલા છે. જો કે તેમની સરકારનો દોરીસંચાર અન્ય મોટા નેતાના હાથમાં છે.

ભૂપેન્દ્ર પટેલ એવા સમયે મુખ્યમંત્રી બન્યા છે કે વિપક્ષ કોંગ્રેસે ચારેતરફથી ઘેરાયેલો અને નબળો છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ આપસમાં

● અનુસંધાન પાન-૭ પર

## કુડાસણમાં ૧૪૩ કરોડનો પ્લોટ ખરીદનારે પૈસા ન ચુકવતા ગુડાએ ૧ કરોડની ડીપોઝીટ જપ્ત કરી

**અગાઉ પ્લોટના વેચાણ માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી : બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય ગુડા કોર્મશિયલ તેમજ રહેણાંક પ્લોટની ઓનલાઇન હરાજી કરી વેચાણ આપશે જયારે પ્લોટનો દસ્તાવેજ પણ કરી આપશે**

ગાંધીનગર તા ૨૩

ગુડાની ટી પી સ્કીમ આખરી થવાની સાથે કપાતની જમીન સંબંધમાં ગુડા દ્વરા રહેણાંક તેમજ વાણિજય હેતુના પ્લોટની હરાજી કરવામાં આવે તેવા સંજોગોમાં ગુડા જમીન ખરીદનારને દસ્તાવેજ કરી આપશે જેના લીધે ગુડાની આવકમાં વધારો થવાની સાથે જમીન ખરીદવા માટેનુ આકર્ષણ વધશે.અગાઉ ગુડાએ હાથ ધરેલી હરાજીની પ્રક્રીયાના અંતે કુડાસણમાં વાણિજય હેતુ માટે પ્લોટ ખરીદનાર સમયસર નાંણા નહીં ચુકવતા ગુડાએ રૂ ૧ કરોડની ડીપોઝીટની મોટી રકમ પણ જપ્ત લીધી છે.

ગુડા વિસ્તારનો કોર્પોરેશનમાં સમાવેશ થઈ જતા ગુડાની આવકમાં વધારો થાય તે માટે પણ પ્રયાસો શરૂ કરી દેવાયા છે. ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં કોર્મશિયલ અને રહેણાંકના પ્લોટની ઓનલાઈન હરાજી કરી આવક ઉભી કરવા માટે પણ આયોજન કરાયુ છે. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો પણ તેજ કરી દેવાયા છે. જયારે ગુડા દ્વારા વાણિજય કે રહેણાંકના હેતુ માટે કપાતમાં મળેલી જમીનમાં પ્લોટ તૈયાર કરીને ઓનલાઈન વેચાણ કરવાનુ પણ આયોજન કરાયુ છે. હરાજીમાં પ્લોટ ખરીદનારને ૯૯ વર્ષની લીઝથી પ્લોટ આપવાની પ્રથા અમલી બનાવાઈ હતી. જેના લીધે પ્લોટને તગડી રકમ આપી ખરીદનારને માલિકી હક્ક નહીં મળતો હોવાની લાગણી પણ અણગમાનુ કારણ બની હતી. જેથી હરાજીની પ્રક્રીયાને પણ યોગ્ય પ્રતિસાદ મળતો ન હતો.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ઠંડીમાં થોડીક રાહત

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકરી ઠંડી પડી રહી છે. પરમ દિવસે લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. પહોંચી ગયુ હતુ. જેમાં દોઢ ડિગ્રીનો વધારો થતાં લઘુત્તમ તાપમાન ૮.૦ ડિ.સે. થયુ હતુ. જેના કારણે ઠંડીમાં થોડીક રાહત અનુભવાઈ હતી.

છેલ્લા એક અઠવાડિયાથી ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં જાણે શીત લહેર ફરી વળી છે. તીવ્ર ઠંડીની અસર હેઠળ ગાંધીનગર આવી જતાં અહીં લઘુત્તમ તાપમાન સડસડાટ ઉતરી ગયુ હતુ. લઘુત્તમ તાપમાન છેલ્લા એક અઠવાડિયાથી ૧૦ ડિગ્રીની નીચે નોંધાઈ રહ્યું છે. બે દિવસ સતત લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. નોંધાયુ હતુ જેની અસર જનજીવન પર જોવા મળી હતી. જનજીવન એકદમ સુમસામ થઈ ગયુ હતુ. સાંજ ઢળતાં જ ઠંડીની અસરથી આંતરિક માર્ગો અને સેક્ટરો સુના થઈ ગયા હતા. ઠંડા પવનોએ તો જાણે કાળો કેર વર્તાવ્યો હતો.

ગઈકાલે પવનની ગતિ થોડીક ઘટતા ઠંડીમાં રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન પણ થોડુક ઉંચકાયુ હતુ. લઘુત્તમ દોઢ ડિગ્રી જેટલુ વધીને ૮ ડિ.સે. નોંધાયુ હતુ. જયારે મહત્તમ તાપમાન ૨૮ ડિ.સે. રહ્યુ હતુ.

## જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જિલ્લામાં ૧૫૦ થી વધુ સ્થાનો પર ૨૬મીએ સાયક્લોથોન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૨૬મીને રવિવારે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા સાયક્લોથોનનું આયોજન કરાયુ છે.

સાયક્લોથોન થકી બિનચેપી રોગથી મુક્તિના નારા સાથે આયોજન કરવા માટે રાજ્ય સરકારની સૂચના મુજબ ત્રિસ્તરીય સાયક્લોથોનનું આયોજન જિલ્લાકક્ષાએ કરવામાં આવ્યુ છે.

ફીટ ઈન્ડિયા ફીટ ગુજરાત સાયક્લોથોનના આયોજનમાં જિલ્લામાં આવેલા ૧૨૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર ૧ થી ૩ કિ.મી. સાયક્લોથોન યોજાશે. ૨૯ પ્રા.આ. કેન્દ્ર કક્ષાએ ૩ થી ૫ કિ.મી.નું સાયક્લોથોન યોજાશે જ્યારે બે શહેરી અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૫ થી ૧૫ કિ.મી.નું સાયક્લોથોન યોજાશે.

આ સાયક્લોથોન દરમ્યાન વેક્સિનેશન, કુપોષણ અને ટી.બી. અંગે જનજાગૃત્તિની કામગીરી પણ કરવાની રહેશે. સાયક્લોથોનમાં વધુમાં વધુ કર્મચારીઓ અને લોકો જોડાય તે પણ જોવામાં આવશે.

આરોગ્ય સુખાકારીની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી શારીરિક શ્રમ થકી સ્વાસ્થ્ય જાળવવાના હાલના અભિગમને ઉત્સાહિત કરવો જરૂરી છે. શારીરિક શ્રમ કરવાથી શરીરમાં હેપી હોર્મન ઉત્પન્ન થાય છે જે શરીરમાં ઊર્જા વધારે છે તેમજ માનસિક તણાવ ઓછો કરે છે તેમાં પણ સાયકલીંગ કરવાથી આખા શરીરને કસરત મળે છે અને તેનાથી શારીરિક કાર્યક્ષમતામાં વધારો થાય છે અને હૃદયરોગની સમસ્યામાં પણ રાહત મળે છે તેથી આ સાયક્લોથોનનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં હાલ સાયક્લોથોનના આયોજનને આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર હેલ્થ વેલનેસ સેન્ટર ખાતે ઓછામાં ઓછા ૧૦ પ્રા.આ. કેન્દ્ર કક્ષાએ ૧૫ અને અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઓછામાં ઓછા ૨૦ લોકો ભાગ લેશે. જો કે આ માટે રજીસ્ટ્રેશન પણ શરૂ કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ગુડા બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય : નવી ત્રણ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરાશે

**અડાલજ, વલાદ અને પાલજમાં ટી પી સ્કીમ તૈયાર કરવા માટે નગર નિયોજક સાથે પરામર્શ કરી આગળ કાર્યવાહી હાથ ધરાશે : ટી પી સ્કીમ તૈયાર થતા માળખાગત સુવિધા સાથે વિકાસ કામોને વેગ મળશે**

ગાંધીનગર તા ૨૩

ગુડાની બોર્ડ બેઠકમાં નવી ટાઉન પ્લાનિંગ સ્કીમો તૈયાર કરવા માટે આયોજન કરાયુ હતુ જયારે આ અન્વયે ટી પી સ્કીમ નંબર ૨૩ એ અડાલજ, ટી પી સ્કીમ નંબર ૩૧ વલાદ અને ટી પી સ્કીમ નં- ૩૨ પાલજ માટે હદ નિયત કરવા માટે પણ સી ટી પી નો અભિપ્રાય લઈ આગળ આ ત્રણેય ટી પી તૈયાર કરવા માટે નિર્ણય લેવાયો છે. નવી ટી પી સ્કીમ તૈયાર કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવતા ગુડા વિસ્તારમાં વિકાસના કામો વધુ તેજ બનશે.

ગુડા દ્વારા અડાલજ વિસ્તારમાં એક બાદ એક ટી પી સ્કીમ તૈયાર કરવામાં આવી હતી જયારે તેને અમલમાં પણ મુકી દેવામાં આવી છે. જેના લીધે આ વિસ્તારમાં વિકાસના કામો તેજ બન્યા છે. આ ઉપરાંત માળખાગત સુવિધાના કામોમાં પણ ગતિ આવી છે. જયારે હવે પાલજ અને વલાદ વિસ્તારમાં પણ વિકાસની તકોને સાકાર કરવા માટે ટી પી તૈયાર કરવાનુ આયોજન કરાયુ છે. આ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વિવિધ કક્ષાના આવાસો માટે તંત્રના ચોપડે ૪૫૦૦ની પ્રતિક્ષા યાદી

**સેકટરોમાં જોખમી આવાસો અને મકાન માટેની પ્રતિક્ષા યાદીનો આંકડો સરખો : સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો માટે કર્મચારીઓ લાંબા સમયથી પ્રતિક્ષા યાદીમાં**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો જોખમી હાલતમાં છે. રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી ત્યારે આવાસ મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હજુ લાંબી છે. અગાઉ આ યાદીમાં ૫ હજાર કર્મચારીઓ હતા જયારે થોડા સમય અગાઉ આવાસ ફાળવણીના અંતે ૫૦૦ કર્મચારીઓની અરજીને ન્યાય મળ્યો છે. પ્રતિક્ષા યાદીની જેમ શહેરમાં જોખમી આવાસોની સંખ્યા પણ સાડા ચાર હજારની છે. આ સ્થિતિ વચ્ચે નવા આવાસો બાંધવા માટે હજુ સાઈટ આખરી થતી નથી.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તબક્કાવાર તોડવા માટે તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરી વિભાગને સુપ્રત કરવામાં આવે છે. હાલની સ્થિતિએ સેકટરોમાં મોટાભાગના આવાસો જોખમી છે. જયારે હાલ જોખમી આવાસો સંદર્ભે તંત્ર દ્વારા રહીશોને નોટીસ આપી મકાનો ખાલી કરાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ વિભાગ હસ્તક રહેણાંકને લાયક પુરતા મકાનો ન હોવાથી આ કામ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. જયારે વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી સેકટરોમાં કેટલાક બ્લોક રીનોવેશન હેઠળ પણ આવરી

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૧૧ના બે કોમ્પ્લેક્ષને નોટીસ ફટકારતું મનપા તંત્ર

**પૂર્વ મેયરની ભાગીદારીવાળું વિવાદીત શોપીંગ કોમ્પલેક્ષ અને પૂર્વ કાઉન્સિલરની ઓફીસ ધરાવતા કોમ્પ્લેક્ષને સીલ કરવા નોટીસ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મનપા દ્વારા સે. ૧૧ના બે બિલ્ડીંગોને અપાયેલી નોટીસોને પગલે શહેરભરમાં ચર્ચાઓ વધુ જોરશોરથી શરૂ થઈ છે.

પૂર્વ મેયરના વિવાદાસ્પદ બિલ્ડિંગ મામલે મનપા દ્વારા સીલિંગ કરવાની કોર્ટમાં ખાતરી અપાઈ હતી અને કોર્ટે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવા મંજૂરી આપી હતી. આ કેસમાં તંત્ર દ્વારા પૂર્વ મેયરના બિલ્ડિંગને સીલિંગ મારવાને બદલે પ્રથમ વખત નોટીસ આપવામાં આવી છે. જેમાં વપરાશ બંધ ન થાય તો સીલ કરવાની ચીમકી અપાઈ છે. સે. ૧૧માં વિવાદી બિલ્ડિંગની બાજુના બિલ્ડિંગમાં જ અરજદાર અને તેમના વકીલની ઓફિસ આવેલી છે તેને ડિમોલિશેન કરવાની નોટીસ અપાઈ છે.

પૂર્વ મેયરના વિવાદી બિલ્ડિંગ સામે જાહેર હિતની અરજી કરનારા પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલ અને તેમના પતિ રજનીભાઈ પટેલની ઓફિસ સે. ૧૧ ખાતે વિજય કોમ્પલેક્સમાં આવેલી છે. આજ બિલ્ડિંગમાં તેમના વકીલ પણ ઓફિસ ધરાવે છે. ૨૦ વર્ષ અગાઉ બનેલા આ બિલ્ડિંગમાં નિયમોનો ભંગ થયો હોવાનું મનપાના તંત્રને યાદ આવ્યુ છે અને તે તોડી પાડવાની નોટીસ આપવામાં આવી છે.

પૂર્વ મેયર રીટાબેન પટેલની ભાગીદારી ધરાવતા બિલ્ડીંગ બાબતે મકાનનો ઉપયોગ-વસવાટ કરનારાઓને જીપીએમસી એક્ટની કલમ ૨૬૦, ૨૬૩, ૨૬૮ મુજબ નોટીસ અપાઈ છે જેમાં જણાવાયુ છે કે જીડીસીઆર-૨૦૧૭ની જોગવાઈ મુજબ પરવાનગી વગર વપરાશ ચાલુ કરવામાં આવ્યો છે. બિન અધિકૃત બાંધકામનો વપરાશ દૂર કરવો અન્યથા જીપીએમસી એક્ટ મુજબ આ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઈમારતનો વપરાશ બંધ કરી તેની જાણ ૩ દિવમસાં કરવા જણાવ્યુ છે.

સેક્ટર-૧૧ના આ બંને વાણિજ્ય સંકુલોને ૩ દિવસમાં વપરાશ બંધ કરી ખાલી કરવાની નોટીસ અપાતા શહેરમાં ઠેર ઠેર ચર્ચાઓ જાગી હતી. જોકે જે તે ભાડુઆત કે માલિકો પણ પોતપોતાના ધંધા - વ્યવસાય માટે ચિંતિત બન્યા હતા. અને મનાઈ હુકમ મેળવવા દોડધામ કરતા જણાયા હતા.



નાતાલની કાઉન્ટ-ડાઉન : આવતીકાલથી નાતાલ પર્વ આરંભાશે... ભગવાન ઈશુના પ્રેમના સંદેશને ઝીલતા પર્વની ઉજવણી વિશ્વભરમાં ઉલ્લાસ અને ઉમંગથી કરાશે... ઘરે-ઘરે રોશની કરાઈ છે... જયારે ચર્ચને પણ વિવિધ રોશની શણગારવામાં આવ્યા છે...

## ગુડા રહેણાંક તેમજ કોર્મશિયલ પ્લોટસની ઓનલાઈન હરાજી કરશે

**ગુડા વિસ્તારમાં સ્થિત આવાસો લાંબા સમયથી ખાલી પડ્યા હોય તેવા કિસ્સામાં ઔડાની જેમ ફાળવણી કરાશે ઉપરાંત બાકી રહે તો વેચાણ આપી દેવા પણ બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની આજે મળેલી બોર્ડ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં ગુડાના રીઝર્વ રહેણાંક તેમજ કોર્મશિયલ પ્લોટસની ઓનલાઈન હરાજી પ્રક્રીયા હાથ ધરી વેચાણ આપવા માટે પણ નિર્ણય લેવાયો છે. જેના અંતે ગુડા પાસે ભંડોળ પણ ઉભુ થશે આ ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે નિર્માણ કરાયેલા આવાસો લાંબા સમયથી ખાલી પડ્યા હોય તેવા કીસ્સામાં ઔડાની પોલિસી મુજબ આવાસો ફાળવવા ઉપરાંત આમછતા મકાનો ખાલી રહે તો વેચાણ આપવા માટે પણ નિર્ણય કરાયો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની આજે બોર્ડ બેઠક યોજવામાં આવી હતી. આ બોર્ડ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં વિવિધ ટી પી તૈયાર કરવા સહીત કોર્મશિયલ પ્લોટસની હરાજી પ્રક્રીયા માટે પણ નિર્ણય લેવાયો હતો આ ઉપરાંત ગુડા વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે તૈયાર કરાયેલા આવાસો પૈકી કબજાવિહોણાં અલબત્ત ખાલી પડેલા આવાસોને ફાળવવા માટે પણ નિતી નક્કી કરવામાં આવી હતી ગુડા દ્વારા અત્યાર સુધીમાં રાયસણ, ચિલોડા, અડાલજ, સરગાસણ , કુડાસણમાં આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે હાલની સ્થિતિએ સરગાસણ અને વાવોલ તેમજ પેથાપુરમાં પણ ગુડા કક્ષાએથી નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. ગુડા નિર્મિત આવાસોમાં હાલ ભાડુઓતોને દુર કરવા માટે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ગુડા વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે બનાવાયેલા આ આવાસો પૈકી હજુ ઘણાં આવાસો ખાલી છે. લાંબા સમયના અંતે પણ આવાસોનો કબજો મેળવવામાં આવ્યો નથી જયારે આ આવાસો હવે ગુડા ઔડાની પેટર્ન મુજબ પ્રક્રીયા હાથ ધરી ફાળવશે જેમાં વિવિધ નિયત કેટેગરી મુજબ આવાસો ફાળવવા માટે આયોજન કરાશે. જયારે ત્યારબાદ પણ આવાસો ખાલી રહેશે તો આ પ્રકારના મકાનોનુ વેચાણ કરી આપી દેવાશે તેમ પણ બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com